| | | |
|---|---|---|
| GJAN090008412023 | सत्यमेव जयते | દાખલ તા. : ૧૯/૦૭/૨૦૨૩<br>રજી.લીધા તા. : ૧૯/૦૭/૨૦૨૩<br>ફેંસલ તા. : ૦૬/૦૮/૨૦૨૬<br>અવધિ : ૩ વર્ષ ૦૦ માસ ૧૮ દિવસ |

====================================

**આંકલાવના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.આંકલાવ**

====================================

**ફો. કેસ નં.૬૫૩/૨૦૨૩**
**આંક :–**

**ફરીયાદી : સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપી : પીન્ટુભાઈ ચંદુભાઈ તળપદા માળી**
રહે.ભેટાસી બા ભાગ, વાઘરીવાસ,
તા.આંકલાવ, જી.આણંદ

-----------------------------------------------------------------

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એએ), (બી)(સી) (ડી)(એફ) મુજબ.**

-----------------------------------------------------------------

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ**
**આરોપીપક્ષ તરફે : વિ.વ.શ્રી આર.જે.ગોહેલ**

-----------------------------------------------------------------

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૦૬/૨૦૨૨ નારોજ કલાક–૨૩/૪૫ વાગ્યાના સુમારે મોજે ભેટાસી બા ભાગ વાઘરીવાસ જાહેરમાં વગર પાસ પરમીટે પોતાના ઘર નજીક ખુલ્લી જ ગ્યામાં દેશીદારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી કરી

ચાલુ ભઠ્ઠીના સાધનો તથા કુલ્લે દેશીદારૂ લીટર ૧૦ જેની કિ.રૂ.૨૦૦/- તથા દેશીદારૂ ગાળવાનો તૈયાર વોશ લીટર ૨૦૦ જેની કીં.રૂ.૧૦૦૦/- તથા ગરમ વોશ લીટર ૧૦૦ જેની કીંમત રૂ.૫૦૦/- સાથે પ્રોહી મુદામાલ કુલ્લે રૂ.૧૭૦૦/- નો પોતાના કબજા ભોગવટામાં પોતાની દેખરેખ હેઠળ રાખી જાહેરમાંથી મળી આવી ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ-૬૫(એએ), (બી)(સી) (ડી)(એફ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતા અને જે બજી જતા આરોપી હાજર થયેલ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો આપેલ છે. સદર કામે આંક-૦૬ થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની આંક-૦૭ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, સદરહું કામના આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી અ.પો.કો. ઉમેશભાઇ ભાઇલાલભાઇ રાવળની જુબાની | ૦૯ |
| ૦૨ | પંચ સાહેદ રંગીતભાઇ રાયસીંગભાઇ પરમારની જુબાની | ૧૧ |
| ૦૩ | પંચ સાહેદ અરવિંદભાઇ કાળીદાસ માળીની જુબાની | ૧૩ |
| ૦૪ | ત.ક.અ.શ્રી નિ. એ.એસ.આઈ. વજેસીંહ શીવાભાઇ ઝાલા જુબાની | ૧૪ |

**દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૧૦ |
| ૦૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૨ |
| ૦૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૫ |
| ૦૪ | એફ.આઈ.આર. | ૧૬ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિ આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૦૬/૨૦૨૨ નારોજ કલાક–૨૩/૪૫ વાગ્યાના સુમારે મોજે ભેટાસી બા ભાગ વાઘરીવાસ જાહેરમાં વગર પાસ પરમીટે પોતાના ઘર નજીક ખુલ્લી જ ગ્યામાં દેશીદારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી કરી ચાલુ ભઠ્ઠીના સાધનો તથા કુલ્લે દેશીદારૂ લીટર ૧૦ જેની કિ.રૂ.૨૦૦/– તથા દેશીદારૂ ગાળવાનો તૈયાર વોશ લીટર ૨૦૦ જેની કીં.રૂ.૧૦૦૦/– તથા ગરમ વોશ લીટર ૧૦૦ જેની કીંમત રૂ.૫૦૦/– સાથે પ્રોહી મુદામાલ કુલ્લે રૂ.૧૭૦૦/– નો પોતાના કબજા ભોગવટામાં પોતાની દેખરેખ હેઠળ રાખી જાહેરમાંથી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એએ), (બી)(સી)(ડી)(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

:: કા ર ણો ::

➢ **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું આંક–૧૨ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ રંગીતભાઈ રાયસીંગભાઈ પરમારને આંક–૧૧ થી તથા પંચ સાહેદ અરવિંદભાઈ કાળીદાસ માળીને આંક–૧૩ થી તપાસેલા છે. સદર પંચ સાહેદોની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદો ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી અ.પો.કો. ઉમેશભાઈ ભાઈલાલભાઈ રાવળનાઓને આંક–૦૯ થી તપાસી આંક–૧૦ થી ફરીયાદ રજૂ કરેલ છે, જ્યારે ત.ક.અ.શ્રી નિ. એ.એસ.આઈ. વજેસીંહ શીવાભાઈ ઝાલાઓને આંક–૧૪ થી તપાસી આંક–૧૫ થી રવાનગી પત્રક રજુ કરવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદોએ માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને બંને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને

સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

(૯) આમ, સદરહું સાહેદોનો પુરાવો લક્ષમાં લેતાં, ફરીયાદપક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શક્યા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શક્યા હોત, પરંતુ હાલના કામે તેવું કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ, રેકર્ડ ઉપર ઉપલબ્ધ આધારો સાથે સાંકળીને ગુણદોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દારૂનો કોઈ જથ્થો કે દારૂ ગાળવાનો કોઈ વોશ મળી આવ્યો હોય તેવી હકીકત ફરિયાદપક્ષના સ્વતંત્ર એવા પંચ સાહેદોના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી કે તે દિશામાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા નથી, જે હકીકતો ધ્યાને રાખતાં પ્રોસીક્યુશન ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એએ), (બી)(સી)(ડી)(એફ) મુજબનો આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરી શકેલ નથી. સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદપક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે.

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જયુરીસ્પુડન્સના સિધ્ધાંત મુજબ મળવા પાત્ર શંકાનો લાભમેળવવા આરોપી હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ

'નકાર' માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી પીન્ટુભાઈ ચંદુભાઈ તળપદા માળી, રહે.ભેટાસી બા ભાગ, વાઘરીવાસ, તા.આંકલાવ, જી.આણંદનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એએ), (બી)(સી)(ડી)(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૬, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૮/૨૦૨૬
સ્થળ : આંકલાવ

**(એ.બી.સિંઘવી)**
જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer